SANDESH

# આઈનોક્સનું જોરદાર લિસ્ટિંગ, માર્કેટકેપમાં પેરન્ટથી આગળ...

(બિઝનેસ ડેસ્ક) અમદાવાદ, તા.૯



રૂ.૧૦૦૦ કરોડના મેગા - ઈશ્યુ સાથે શેરદીઠ રૂ.૩૨૫ના ભાવથી મૂડીબજારમાં આવેલ 'આઈનોક્સ વિન્ડ'નું લિસ્ટિંગ ધમાકેદાર રહ્યુ છે. શેર રૂ.૪૦૦ ખુલી ઉપરમાં રૂ.૪૪૮ અને નીચામાં રૂ.૩૯૯ થઈ અંતે રૂ.૪૩૮ બંધ આવ્યો છે. જે ઈશ્યુ પ્રાઈસના મુકાબલે ૩૪.૮ ટકાનું રિટર્ન સૂચવે છે. આ ઈશ્યુ ૧૮ ગણાથી વધુ ભરાયો હતો! કંપનીનું માર્કેટકેપ રૂ.૯૭૧૩ કરોડ રહ્યું છે. જે તેની પેરન્ટ કંપની ગુજરાત ફ્લુરોકેમ કરતાંય વધું છે!!! આઈનોક્સની પ્રમોટર્સ ગુજરાત ફ્લુરોકેમનો શેર ગઈકાલે સવા ચાર ટકા ઘટીને રૂ.૭૨૦ બંધ હતો. તેનું માર્કેટ કેપ હાલ રૂ.૭૯૧૧ કરોડ છે. અન્ય ગ્રૂપ કંપની આઈનોક્સ લિઝનો શેર પણ પોણો ટકો ઘટી રૂ.૧૭૩ બંધ હતો. તેનું માર્કેટકેપ રૂ.૧૬૭૦ કરોડ છે.

આમ આઈનોક્સ વિન્ડના લિસ્ટિંગની સાથે જ ગ્રૂપનું માર્કેટકેપ લગભગ બેવડાઈ હવે રૂ.૧૯૨૯૪ કરોડે આવી ગયું છે. 'આઈનોક્સ વિન્ડ'ની જેમ રિન્યુએબલ એનર્જી બિઝનેસમાં પ્રવૃત ન્ય શેરમાં ગઈકાલે સુઝલોન એનર્જી અઢી ટકા વધીને રૂ.૨૯.૧૫ હતો. એક સમયના રાજકારણી અમરસિંધની એનર્જી ડેવલપમેન્ટ કંપની સવા ચાર ટકા વધીને રૂ.૧૭.૨૦ રહી હતી. ઈન્ડો સોલાર ૦.૭ ટકાના ઘટાડે રૂ.૧૭.૫૮, ઓરિએન્ટ ગ્રીને ૧.૪ ટકા ઘટી રૂ.૧૫.૧૯, ગીતા રિન્યુએબલ પાંચ ટકા તૂટીને રૂ.૨૮ બંધ હતા.